<u>ફોજદારી કેસ નં</u>.૨૬૦૩૬/૨૦૨૨

## :: આંક–૧ લગત હુકમ ::

કેસનું રેકર્ડ વંચાણે લીધું. ફરીયાદીએ હાલની ફરીયાદ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબ દાખલ કરેલ છે. સદર કામે આરોપીને કરવામાં આવેલ પ્રોસેસ વગર બજે પરત આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદીની જુબાની નોંધવામાં આવેલ છે. જેમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં તા.૨/૨/૨૦૨૨ નાં રોજ સાંજે સાત વાગ્યાના સુમારે વાલક પાટીયા ખોડીયાર બસ પાર્કીંગમાંથી તેઓની લકઝરી બસ નં.જીજે.૧૪.એકસ.૪૬૦૦ ની ગાડીમાંથી કોઈ વ્યકિત બેટરી લઈને જતો રહેલ જે બાબતે તપાસ કરતા બેટરી મળી આવેલ નહિં જેથી ફરીયાદ આપેલી. પરંતુ હવે સદર કેસ તેઓએ આગળ ચલાવવો નથી અને વધુ કોઈ સાક્ષી સાહેદો તપાસવા નથી તેવી હકિકત જણાવેલ છે. આરોપીની સામેની આક્ષેપિત કલમો જોતાં સમાધાનપાત્ર હોય, હાલનું કામ સી.આર.પી.સી. કલમ ૩૦૨(૨) સાથે ૨૩૯ ધ્યાને લેતાં આરોપીને સમાધાન થયેથી બીનતહોમત મુકત કરવામાં આવે છે અને સદર કેસ ફૈંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીને ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૯/૦૯/૨૦૨૩ નાં રોજ લોક અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૦૯ / ૦૯ / ૨૦૨૩.
સુરત.

(કુ.દીપાબેન સંજયકુમાર ઠાકર)
છઠ્ઠા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
સુરત. (GJ00943)